Bharuch Nature Conservation Society
bharuch.nature.club@gmail.com https://www.facebook.com/BharuchNatureClub
Volume # 013 MAY 2014

## આ અંકનું વૃક્ષ
## સફેદ શીમળો (White Silk-Cotton Tree)

સામાન્ય અંગ્રેજી નામ: Kapok, White Silk-Cotton Tree
ગુજરાતી : સફેદ સીમળો, સીંગાપુરી કપાસ, સીંગાપુરી સીમળો

શાસ્ત્રીય નામ : Ceiba pentandra

ભરૂચમા સ્થાન : ભરૂચમા ખુબ જ સામાન્ય વૃક્ષ છે અને રોડની બાજુમા ઘણી જગ્યાએ જોવા મળે છે. શીતલ ગેસ્ટ હાઉસ અને હોટેલ પ્લાઝા પાસે પણ છે.






મૂળ દક્ષિણ અમેરિકાના અમેઝોન વિસ્તારનુ મનાતુ આ વૃક્ષ ભારતમા ખુબ સામાન્ય બની ગયુ છે. બીજમાંથી સહેલાયથી ઉગી જાય છે અને સામાન્ય દેખરેખથી ખુબ ઝડપથી વધે છે. ઉષ્ણકટિબંધના વર્ષાવનોમા આ વૃક્ષ 150 ફૂટથી પણ વધુ ઉંચાઇ સુધી વિસ્તરે છે. તેના પર્ણો હથેળીની જેમ મુખ્ય પર્ણદંડ સાથે જોડાયેલા હોય છે અને પાંચથીસાતની સંખ્યામા હોય છે. થડ લીલાશ પડતા ભૂખરા રંગનુ અને વિશાળ હોય છે. ફૂલ પીળાશ પડતા સફેદ રંગના હોય છે અને ફૂલોના રસ ચૂસતા પક્ષીઓને ખાસ આકર્ષે છે.






તેના ફળ કાચા હોય લીલા અને લાંબા રીંગણના આકારના હોય છે. સુકાયા બાદ તે ફાટે ત્યારે તેમાથી કપાસ જેવા રેસા હવામા ઉડે છે. આ રૂ રેસા કે કાપડની બનાવટ માટે કામનુ નથી પણ ગાદલા-ઓશીકા ભરવા ઉપયોગી છે. ભેજપ્રતિકારક હોવાથી લાંબો સમય ટકી રહે છે. બીજ કાળા અથવા ઘેરા કથ્થાઇ રંગના અને વટાણા કરતા નાના કદના હોય છે. તેમાથી તેલ નીકળે છે જે ઊંજણ(લુબ્રીકંન્ટ) તરીકે તથા રંગ/વાર્નિશની બનાવટમા વપરાય છે. બાયોફ્યુઅલ તરીકે પણ ઉપયોગી છે. કપાસ મેળવવા અને બીજના તેલ માટે અગ્નિ એશિયાના દેશોમા તેનુ વ્યાપારી ધોરણે વાવેતર પણ કરાય છે.

માહીતી સ્રોત: http://www.flowersofindia.net/catalog/slides/Kapok%20Tree.html

---

## આ અંકનું પક્ષી
## વન લેલું (Jungle Babbler)

વન લેલું એ ભારતીય ઉપમહાદ્વીપમાં લગભગ બધે જ જોવા મળે છે. તે ટોળામાં રહેવાનું પસંદ કરે છે અને મોટેભાગે ટોળામાં જ ચારો ચરે છે. વનલેલું એ ભારતમાં દરેક જગ્યાએ સામાન્ય રીતે રહેવાસ કરે છે અને પ્રજનન પણ. તે મોટા શહેરના બગીચાઓમાં અને જંગલોમાં બધે જ જોવા મળે છે.

વર્ણન

### Recent News

**Nature Trail at GNFC Township**

Bharuch Nature Conservation Society with NCSC, organized a program "Nature Trail" at GNFC Township. Around 25 children participated in the program. Shri Nitin Bhatt introduced every participant to the program and they guided throughout the program to resolve their queries regarding trees, birds, insects, butterflies etc. This time we covered trees also in which identification, importance and its usage was explained. We could see many birds which were seen by children. Birds includes, wagtails, myna, laughing dove, black drongo, red-vented bulbul, coppersmith barbet, yellow-footed green pigeon, parrots, purple sunbirds, shikra, golden oriole, peacocks, pigeon, lesser flameback, indian raobin etc. We also seen a nesthole which was belonging to a parrot pair. We also shown a special tree of GNFC township called "Shivalingi". There were flowering and fruits on the tree at that time.

### Upcoming Events

### પક્ષી નોંધ

**સિહોર ખાતે પક્ષીનિરીક્ષણ**

મે માસની શરૂઆતમાં પ્રસંગોપાત મારે સિહોર જવાનું થયું. મને થોડો સમય મળતા તળાવ બાજુ નીકળ્યો. ત્યાં પહેલી વાર મેં હરિયલ(yellow-footed green pigeon) જોયા. આ ઉપરાંત, કંસારો(coppersmith barbet) અને અન્ય કાયમી પક્ષીઓ જોયા. તળાવમાં ભગતડા, ટીલીયાળી બતક, નાની ડૂબકી, ભારતીય કાજીયા, કાણી બગલીઓ વગેરે જોવા મળી. આ ઉપરાંત, શક્કરખરો, દરજીડા જેવા નાના પક્ષીઓ પણ જોવા મળ્યા.

*-હિરેન મજીઠીયા*

**ભારતીય રાખોડી કોયલ** Grey-bellied Cuckoo (Cacomantis passerinus).
આ પક્ષી એપ્રિલના અંત બાદ દર વર્ષે મારા ઘરની આસપાસ બોલતુ સાંભળવા મળે છે અને ચાલુ વર્ષે પણ તેનુ આગમન થઇ ચુક્યુ છે. જીએનએફસી ટાઉનશીપમા પણ ગયા વર્ષે મોરની ગણતરી દરમિયાન સાંભળ્યુ હતુ, એટલે ત્યા દરા વર્ષે આ ઋતુમા આવતુ જ હશે. તેના અવાજથી તેની હાજરી જલદીથી પારખી શકાય છે. આવાજ નીચેની લીંક પર સાંભળવા મળી શકશે.
http://www.indiabirds.com/content/HeartheBird.aspx

*-નીતિન ભટ્ટ*

વનલલુ જંગલો તેમજ બગીચાઓ, ખેતરો અને શહેરોમાં જોવા મળે છે. તેની લંબાઈ લગભગ ૨૦-૨૫ સે.મી. જેટલી હોય છે. બીજા બધા લેલાની જેમ બિન-સ્થળાંતરી પક્ષીઓ છે. તેની પાંખો ગોળાકાર અને તેની ઉડાન વખતે તે પાંખો થોડી વાર ફફડાવી અને પછી લાંબો સમય ખુલ્લી જ રાખે છે. જ્યાં સુધી બીજી વાર જરૂર ના પડે ત્યાં સુધી પાંખો ખોલીને સ્થિર જ રાખીને "ગ્લાઈડ" કરે છે. નર અને માદા સરખા જ દેખાય છે. ચાંચ પીળી અને આખું શરીર રાખોડી હોય છે. ગળાના અને છાતીના ભાગ પર થોડા ટપકા જોવા મળે છે. ઉપરનો ભાગ વધારે ઘેરો હોય છે. તે ટોળામાં રહે છે અને ખુબ જ ઘોંઘાટ કરે છે. આસપાસમાં કોઈ ભય જણાય તો ૮-૧૦ લેલા ભેગા થઈને ખુબ જ અવાજ કરે છે. તે પોતાની હાજરી છુપાવી શકતા નથી.







<u>ખોરાક અને આવાસ</u>
આ પક્ષીઓ ટોળામાં ચણ ચરે છે. તે બીજા પક્ષીઓ સાથે મળીને પણ ચરે છે. તેનો મુખ્ય ખોરાક કીટકો છે પણ તે અનાજ, નાના સરીસૃપ, મનુષ્યો દ્વારા રાંધેલો ખોરાક વગેરે પણ લે છે. આ ઉપરાંત, તેઓ ફળો અને ફૂલ તથા ફૂલોનો રસ પણ આરોગે છે. તેઓના ટોળાનું એક ક્ષેત્ર હોય છે તેની તે રક્ષા કરે છે અને ઘુસણખોર સામે કયારેક આક્રમક વલણ અપનાવે છે અને મોટેભાગે તે ઘુસણખોરી ચલાવી લે છે. ચરતી વખતે એકાદ પક્ષી ઉંચી જગ્યા પર બેસીને સંત્રી(પહેરેદારી) તરીકે ચોકીદારી છે.







<u>સંવનન</u>
ભારતમાં તેમનો સંવનનકાળ લગભગ આખું વર્ષ ચાલે છે પણ ઉત્તર ભારતમાં મોટેભાગે તે માર્ચ-એપ્રિલ અને જુલાઈ-સપ્ટેમ્બર દરમિયાન વધુ હોય છે. લગભગ ત્રણેક વર્ષના થયા બાદ તેઓ પ્રજનન કરવા સક્ષમ બની જાય છે. તેઓ ગાઢ ઝાડીમાં અંદરની તરફ માળો બનાવીને સામાન્ય રીતે ત્રણ-ચાર ઈંડા મુકે છે(ક્યારેક સાત ઈંડા સુધી પણ મુકે છે). તેના બચ્ચોના જીવંત રહેવાની સંભાવનાઓ સારી એવી હોય છે.

સંદર્ભ : **ઓળખ માટે** ટીમ ઇન્સ્કીપ અને રીચાર્ડ ગ્રીમીટ દ્વારા લિખિત "ઉત્તર ભારતના પક્ષીઓ"
વધુ માહિતી માટે : http://en.wikipedia.org/wiki/Jungle_Babbler